કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
સ્થાપના વર્ષ - ૧૯૪૦

Affordable Education For All

પ્રતિભા

અંક નં. ૮૩
ઓગસ્ટ ૨૦૨૫

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર,
માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળ

વૈશ્વિક શિક્ષણથી સ્થાનિક ઉદ્યમિતા સુધી : ન્યુ યોર્ક યુનીવર્સીટીના વિદ્યાર્થીઓની પ્રેરક મુલાકાત

કપડવંજ કેળવણી મંડળ, દાણી ફાઉન્ડેશન અને સ્ટર્ન સ્કૂલ ઓફ બિઝનેસ, ન્યૂયોર્ક યુનિવર્સિટી (NYU)ના સહયોગથી ચાલી રહેલા એન્ટરપ્રિન્યોરિયલ પ્રોજેક્ટ અંતર્ગત NYUના વિદ્યાર્થીઓએ ત્રીજી મુલાકાત લીધી.

ભારતીય પરંપરાગત સ્વાગતથી શરૂઆત થયેલી આ મુલાકાત માત્ર સંવાદ નહીં પરંતુ સંસ્કૃતિ, શિક્ષણ અને ઉદ્યમિતાનો જીવંત અનુભવ બની. મંડળના ટ્રસ્ટીઓ સાથેના ઈન્ટરએક્ટિવ સેશનમાં વિદ્યાર્થીઓએ સંસ્થાની મૂલ્ય આધારિત પ્રવૃત્તિઓની નજીકથી ઓળખ કરી.

વિદ્યાર્થીઓએ મંડળ સંચાલિત શાળાઓની મુલાકાત કરી અને શિક્ષકો-વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ તથા રમતગમત વિષય પર ચર્ચા કરી. “ઉદ્યમ ઉદય બિઝનેસ સ્પર્ધા ૨૦૨૫” ના ફાઇનલિસ્ટો સાથેના સેશનમાં બંને દેશોના યુવાનોએ નવિન વિચારો અને સ્ટાર્ટઅપ વિઝન વહેંચ્યા. કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સી. ડી. ગાંધી શાળાના વિદ્યાર્થીઓએ કપડવંજના સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક મિત્રો સમક્ષ રજૂ કરતા કપડવંજની હેરીટેજ વોક કરાવી.

પછીના દિવસે વિદ્યાર્થીઓએ બટરફ્લાય ફેક્ટરી, ગ્લાસ મોઝેક ફેક્ટરી, દમયંતી ઓર્ગેનિક બાગ તથા સ્થાનિક ઉદ્યોગસાહસિકો સાથે મુલાકાત કરી અને વૈશ્વિક ટેકનોલોજી તથા બિઝનેસ મોડેલ્સ પર વિચારવિમર્શ કર્યો. અંતિમ દિવસે અમૂલ ફેક્ટરી, આણંદની મુલાકાતથી ભારતની સહકારી સફળતાની જીવંત ગાથા જાણી. આ સમગ્ર મુલાકાતે સાબિત કર્યું કે જ્યારે શિક્ષણ, સંસ્કૃતિ અને ઉદ્યોગસાહસ એક સાથે મળે ત્યારે નવી પેઢી માટે અનંત શક્યતાઓના દ્વાર ખોલે છે.





કપડવંજ કેળવણી મંડળ









શ્રી એસ.સી. દાણી પ્રાયમરી સ્કૂલ્સ

શાળામાં ચૂંટણી પ્રક્રિયાનો જીવંત અનુભવ





શાળામાં ચૂંટણી પ્રક્રિયાનો જીવંત અનુભવ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને જવાબદારીની ભાવના વિકસાવવા, શ્રી એસ.સી. દાણી પ્રાયમરી સ્કૂલમાં લોકશાહીનો જીવંત પાઠ ભણાવવામાં આવ્યો. ભારતીય ચૂંટણી પ્રક્રિયાની ઝાંખી

કપડવંજ કેળવણી મંડળ

આપતા શાળા પંચાયતની ચૂંટણીનું આયોજન 5 જુલાઈએ ઉત્સાહભેર કરવામાં આવ્યું. ધોરણ 3 થી 8 સુધીના સત્યમ્, ધર્મમ, શૌર્યમ અને વિવેકમ - આ ચાર ગ્રુપમાંથી કુલ 32 પ્રતિનિધિઓ પસંદ થયા, જેમાંથી ધોરણ 8ના પાંચ પ્રતિનિધિઓ પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ઉભા રહ્યા. એક દિવસના પ્રચાર બાદ પ્રાર્થના સભામાં મતદાન યોજાયું, જેમાં બેલેટ પેપર, મત કુટીર, મતદાન પેટી અને સુરક્ષા જેવી તમામ વ્યવસ્થાઓથી વિદ્યાર્થીઓએ વાસ્તવિક ચૂંટણીનો અનુભવ કર્યો. મત ગણતરી બાદ પ્રમુખ તરીકે પંડ્યા જૈમન કૃપાલકુમાર અને ઉપપ્રમુખ તરીકે ઝાલા શ્રેયા મુકેશભાઈ ચૂંટાયા. હવે ચૂંટાયેલા વિદ્યાર્થીઓ શાળાનું નેતૃત્વ સંભાળી પ્રવૃત્તિઓનું સંકલન કરશે, અનુશાસન જાળવવામાં શિક્ષકોને સહયોગ આપશે અને વ્યવસ્થા સંચાલનમાં સક્રિય ભાગીદાર બની સાચા અર્થમાં લોકશાહીને જીવંત કરશે.

સર્જનાત્મકતાનો રંગ — મહેંદી સ્પર્ધામાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ



શ્રી એસ.સી. દાણી પ્રાયમરી સ્કૂલમાં પવિત્ર ગૌરી વ્રતની ઉજવણી મહેંદી સ્પર્ધા સાથે થઈ, જેમાં ધોરણ 5 થી 8 ની 65 વિદ્યાર્થિનીઓએ આનંદથી ભાગ લીધો. હાથ પર ખીલેલી રંગબેરંગી ડિઝાઇનોએ સૌનું મન મોહી લીધું. આ સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થિનીઓમાં સર્જનાત્મકતા જાગૃત કરવી અને પરંપરાગત કળાનો આનંદ માણવાનો હતો. દરેક વિદ્યાર્થિનીએ પોતાની મહેનત અને કલ્પનાશક્તિથી અદભૂત ડિઝાઇન બનાવી, જેના કારણે તેમનો આત્મવિશ્વાસ પણ વધ્યો. ધોરણ 5-6 માંથી ચૌહાણ આફિયા અકરમભાઈએ પ્રથમ, મનસુરી ફાઈઝા હનીફભાઈએ દ્વિતીય અને મલેક જન્નત વાજીતભાઈએ તૃતીય સ્થાન મેળવ્યું,



જ્યારે ધોરણ 7-8માં રોહિત હેમાલી દશરથકુમારે પ્રથમ, પઠાણ તસ્મીયાબાનું ઇમરાન ખાને દ્વિતીય અને પંચાલ આયુષી કમલેશકુમાર તથા શેખ યશફીન બાનુ અબ્દુલ રઉફે તૃતીય સ્થાન મેળવ્યું. ધોરણ 7ના તેજવીર ઇન્દ્રવિજયસિંહ પરમારને ભાગ લેવા બદલ વિશેષ પ્રોત્સાહન ઇનામ અપાયું. નિર્ણાયક તરીકે મહેંદી નિષ્ણાત રેશમાબાનુ મોસીનભાઈ ચૌહાણ હાજર રહ્યા, જેમને વિજેતાઓ પસંદ કરતી વખતે મુશ્કેલી પડી કારણ કે દરેક ડિઝાઇન પોતાની રીતે અનોખી અને આકર્ષક હતી.

કપડવંજ કેળવણી મંડળ

કેશ ગુંફન સ્પર્ધામાં સર્જનાત્મકતાની ઝલક



14 જુલાઈએ શ્રી એસ.સી. દાણી શાળામાં ધોરણ 5 થી 8ની વિદ્યાર્થિનીઓ માટે કેશ ગુંફન સ્પર્ધાનું આયોજન કરાયું, જેમાં 45 છોકરીઓએ પોતાની કુશળતા અને સર્જનાત્મકતા સાથે સુંદર હેર સ્ટાઈલ બનાવી સૌનું દિલ જીતી લીધું. ખાસ કરીને ધોરણ 5 અને 6 ની નાની બાળાઓના પ્રયાસોએ બધાનું ધ્યાન ખેંચ્યું. વિજેતાઓમાં ધોરણ 5-6માં પ્રથમ પટેલ દિત્યા સંદીપકુમાર, દ્વિતીય ચૌહાણ હુમેરાબાનુ મોહસીનભાઈ અને તૃતીય સ્થાન



સોલંકી આર્યા મહેન્દ્રસિંહ તથા પરમાર ઉમાબેન જશવંતસિંહને મળ્યું, જ્યારે ધોરણ 7-8માં પ્રથમ બારોટ કાવ્યા જશવંતસિંહ, દ્વિતીય પરમાર ભૂમિકા રાજેશભાઈ અને તૃતીય સ્થાન ગઢવી મોક્ષા ધીરજસિંહ તથા રાજન માહી ભાનુપ્રસાદને મળ્યું. આ સ્પર્ધાએ બાળકોને તેમની અંદર રહેલી કળાને વ્યક્ત કરવાની સુંદર તક આપી.



નેશનલ એજ્યુકેશન પોલીસી (NEP) વિષે થોડું....

શાળા શિક્ષણ

3 થી 18 વર્ષની ઉંમરને આવરી લેતી આ નીતિમાં હાલના 10 +2 ના શાળાકીય શિક્ષણના માળખામાં બદલાવ લાવીને નવું 5 (નર્સરી થી ધો-2) +3 (ધો-3 થી ધો-5) +3 (ધો-6 થી ધો-8) +4 (ધો-9 થી ધો-12) શૈક્ષણિક અને અભ્યાસક્રમ સંબંધીત માળખું દર્શાવેલ છે.

કપડવંજ કેળવણી મંડળ

પ્રિ પ્રાયમરી વિભાગ

પ્રિ પ્રાયમરી વિભાગમાં ગૌરી વ્રતની ભક્તિભરી ઉજવણી

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિર અને શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ શાળા સહિત શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ગૌરી વ્રતની આનંદમય ઉજવણી થઈ. શિક્ષકોએ ધાન, માટી, ખાતર અને પાણી વડે જવારા વાવી તેની સમજ આપી, તેમજ બાળકોને અંકુર ફૂટ્યાનો અનુભવ કરાવ્યો. છોકરીઓ પરંપરાગત વેશમાં આવી ગૌર માતાની પૂજા કરી અને આરતી ઉતારી. એમ. વી. પરીખ શાળામાં તથા સ્પંદન બાલમંદિરમાં વાલી અને બાળકો માટે મિસ મેચ ડે, ટ્રેડિશનલ ડે, મટકી ડેકોરેશન અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું, જેમાં મોટી સંખ્યામાં ભાગ લઇ સૌએ આનંદ માણ્યો. વિજેતાઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.







કપડવંજ કેળવણી મંડળ

પ્રિ પ્રાયમરી વિભાગમાં ગૌરી વ્રતની ભક્તિભરી ઉજવણી





કપડવંજ કેળવણી મંડળની સંસ્થાઓમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

"ગુરુ ગોવિંદ દોનો, ખડે કીસકો લાગું પાય
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય"

અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનનો પ્રકાશ આપનાર ગુરુના આદરાર્થે, કપડવંજ કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાઓમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી થઇ. આ પ્રસંગે એકલવ્યની વાર્તાનું નાટ્યરૂપાંતર, ભજનગાન, વક્તવ્ય અને ગુરુવંદના પર સુંદર નૃત્ય રજૂ થયું. વિદ્યાર્થીઓએ પોતાના આચાર્ય અને શિક્ષકોને તિલક કરી પુષ્પગુચ્છ અર્પણ કરી ગુરુપૂજન કર્યું અને આદર્શ ગુરુ-શિષ્ય પરંપરાને ઉજાગર કરી.





કપડવંજ કેળવણી મંડળ

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (PSE) – જિલ્લા સ્તરે ગૌરવ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના ધોરણ 6ના વિદ્યાર્થી ચૌહાણ મિતવર્ધનસિંહ લાલસિંહે સમગ્ર ખેડા જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો, જ્યારે પટેલ પ્રિયાંશુ અશોકભાઈએ પણ મેરીટમાં સ્થાન મેળવ્યું.રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી આ પરીક્ષામાં તાલુકામાંથી શિષ્યવૃત્તિ માટે પસંદ થયેલા કુલ ચાર વિદ્યાર્થીઓમાં બે આ શાળાના હોવા ગૌરવની વાત છે. બંનેને શાળા તરફથી હાર્દિક અભિનંદન પાઠવાયા.

‘બાળસંસદ’ અંતર્ગત ચૂંટણીનું આયોજન



શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર શાળામાં "બાળસંસદ" અંતર્ગત ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું. આ ચૂંટણી પ્રક્રિયામાં શાળાના આશરે ૧૦૦૦ વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લઈ મતદાન દ્વારા લોકશાહી પદ્ધતિની સમજ મેળવી. ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ મોબાઇલ એપ્લિકેશન દ્વારા EVM ની મદદથી મતદાન કરી પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરી. પરિણામ જાહેર થયા બાદ શાળાના મેદાનમાં વિદ્યાર્થીઓએ એકબીજાને રંગ લગાવી અભિનંદન પાઠવ્યા અને આનંદ વ્યક્ત કર્યો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ લોકશાહી, જવાબદારી અને સક્રિય નાગરિકત્વના મૂલ્યોનો અનુભવ કર્યો. ચૂંટાયેલ વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન શાળામાં શિસ્ત અને સ્વચ્છતાનું ધ્યાન રાખશે.



કપડવંજ કેળવણી મંડળ

શ્રી સ્પંદન બાલમંદિર

DTP રસીકરણ કેમ્પ





શ્રી સ્પંદન બાલમંદિરમાં તા. ૨૧/૭/૨૫, સોમવારે RBSK (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ) તથા અર્બન હેલ્થ સેન્ટર, ડૉ. જયેશભાઈ પટેલની ટીમ દ્વારા DTP રસીકરણ કેમ્પ યોજાયો. બાળકો તથા વાલીઓને હેલ્ધી ફૂડ વિષે તથા જંક ફૂડના નુકસાન અને મોબાઇલના સાઇડ ઇફેક્ટ્સ અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી. તેમજ ડૉક્ટરના સાધનો પ્રત્યક્ષ બતાવી બાળકોને સમજાવવામાં આવ્યાં.

શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કુલ

'મોબાઇલ અવેરનેસ' નાટક દ્વારા સમજ



શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ શાળામાં તા. ૨૫/૭/૨૫, શુક્રવારે સિનિયર કે.જી.ની શિક્ષિકા બહેનો દ્વારા "મોબાઇલ અવેરનેસ" નાટક રજૂ કરવામાં આવ્યું. નાટકનો હેતુ બાળકોમાં વધતા મોબાઇલના અતિઉપયોગથી થતી અસર અંગે જાગૃતિ લાવવાનો હતો. તેમાં બતાવવામાં આવ્યું કે વધારે પડતો મોબાઇલ વપરાશથી અભ્યાસ અને આરોગ્ય બગડે છે અને પરિવારજનોથી દૂર થઇ જવાય છે. અંતમાં બાળકોએ જાતે જ નક્કી કર્યું કે અમે મોબાઇલનો ઉપયોગ ખુબ જ ઓછો કરીશું.